

# ।। શ્રીવલ્લભચરિત્ર ।।

પ્રકાશક
પુષ્ટિ પબ્લિકેશન – જૂનાગઢ

# || શ્રીવલ્લભચરિત્ર ||

**લેખન/સંકલન**
ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદય
મોટી હવેલી - જૂનાગઢ.

**ચિત્રરચના**
ગોસ્વામી સૌ. શ્રીપદ્મશ્રીવહુજી
મોટી હવેલી -જૂનાગઢ.

**પ્રતિ**
૨૦૦૦

**પ્રકાશન વર્ષ**
શ્રીકૃષ્ણાબ્દ ૫૨૩૯, શ્રીવલ્લભાબ્દ ૫૩૭, વિક્રમ સંવત્ ૨૦૭૦, ઇ.સ. ૨૦૧૪

**ન્યોછાવર**
રૂ. ૨૦

**પ્રાપ્તિસ્થાન**
શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન, મોટી હવેલી, જૂનાગઢ



**મુદ્રણ/પ્રકાશન સંયોજન :**
પુષ્ટિ પબ્લિકેશન - જૂનાગઢ
ફોન : ૦૨૮૫ - ૨૬૨૧૧૧૧, મો. ૯૬૩૮૦ ૨૯૪૫૬
www.pushtipublication.com

© સર્વ હકક પ્રકાશકને આધિન.

# ।। શ્રીવલ્લભચરિત્ર ।।



પુષ્ટિભક્તિમાર્ગ-પ્રવર્તક સાકારબ્રહ્મવાદ-સ્થાપક આચાર્યવર્ય
**શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજી**

## આમુખ



આપણી ધર્મનિષ્ઠાનો આધાર આપણા ગુરૂવર્ય શ્રીવલ્લભાચાર્યજીનો ઉપદેશ છે. આપણા પથદર્શક શ્રીવલ્લભાચાર્યચરણના ચરિત્રનું જ્ઞાન પ્રાપ્ત થાય અને આચાર્યચરિત્રના ભાવન દ્વારા આપણામાં વૈષ્ણતાના સંસ્કારોનું સહજ પ્રવર્તન થાય તે માટે 'શ્રીવલ્લભચરિત્ર'નું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. બાળકો તથા સર્વને વિશેષ ઉત્સાહ થાય તે માટે સુંદર રંગીન ચિત્રોથી પુસ્તિકાને સજ્જ કરવામાં આવી છે.

અમારો આ અલ્પ પ્રયાસ શ્રીવલ્લભના ચરણકમલમાં સમર્પિત કરીએ છીએ.

ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદય
ગોસ્વામી સૌ. શ્રીપદ્મશ્રીવહુજી

## અનુક્રમણિકા


- શ્રીવલ્લભાચાર્યજીના પૂર્વજો ૪
- શ્રીવલ્લભાચાર્યજીનું પ્રાકટ્ય ૪
- શ્રીવલ્લભાચાર્યજીનું બાલપણ ૫
- જગન્નાથપુરીમાં શ્રીવલ્લભનો પ્રભાવ ૭
- ત્રણ પૃથ્વી (ભારત) પરિક્રમા ૯
- ભગવાન્ શ્રીકૃષ્ણ દ્વારા દીક્ષામન્ત્રનું પ્રદાન ૧૦
- શ્રીનાથજીનું પ્રાકટ્ય ૧૧
- શ્રીસુબોધિનીલેખન તથા અન્ય ગ્રન્થો ૧૩
- શાસ્ત્રાર્થમાં વિજય અને કનકાભિષેક ૧૪
- સ્વમતસ્થાપન તથા પત્રાવલંબનની રચના ૧૫
- શ્રીવલ્લભાચાર્યજીનો પરિવાર ૧૬
- શ્રીપુરૂષોત્તમસહસ્રનામની રચના ૧૮
- શેઠ પુરૂષોત્તમદાસને ત્યાં નન્દમહોત્સવ ૧૯
- શ્રીદ્વારિકાધીશજીનું પ્રાકટ્ય ૨૦
- ભગવન્નામનું માહાત્મ્ય ૨૧
- શ્રીવલ્લભાચાર્યજી વૈષ્ણવો માટે સદા બિરાજે છે ૨૧




## શ્રીવલ્લભાચાર્યજીના પૂર્વજો

શ્રીવલ્લભાચાર્યજીના પૂર્વજ શ્રીયજ્ઞનારાયણભટ્ટજી દક્ષિણ ભારતના કાકુંભકર (કાંકરવાડ) ગામમાં રહેતા હતા. તેઓ સાત્ત્વિક સદાચારી બ્રાહ્મણ હતા અને શાસ્ત્રોના ઉત્તમ જ્ઞાતા વિદ્વાન્ હતા.

તેઓ કુલપરમ્પરા અનુસાર સોમયજ્ઞ કરતા. વેદમાં કહ્યું છે 'યજ્ઞો વૈ વિષ્ણુઃ' એટલે કે 'યજ્ઞ; ભગવાન્નું સ્વરૂપ છે'. એક વખત ભગવદ્ભાવથી શ્રીયજ્ઞનારાયણજી; સોમયજ્ઞ કરી રહ્યા હતા ત્યારે યજ્ઞકુંડમાંથી સાક્ષાત્ ભગવાન્ શ્રીકૃષ્ણ; મદનમોહનજી સ્વરૂપે પ્રકટ થયા. શ્રીયજ્ઞનારાયણજીએ અત્યન્ત પ્રસન્ન થઇને પ્રભુને દંડવત્ પ્રણામ કર્યા.

ભગવાન્ શ્રીકૃષ્ણે; શ્રીયજ્ઞનારાયણજીને વરદાન આપ્યું કે ''આપના કુલમાં ૧૦૦ સોમયજ્ઞ પૂર્ણ થશે ત્યારે હું અવતાર ધારણ કરીશ''

આ રીતે ભૂતલ પર સન્માર્ગના ઉપદેશ માટે પ્રભુએ; ઉત્તમ કુલમાં આચાર્યસ્વરૂપે સ્વયં પ્રકટ થવાનો નિર્ધાર કર્યો.



શ્રીયજ્ઞનારાયણભટ્ટજીએ પોતાના જીવનકાલમાં ૩૨ સોમયજ્ઞ કર્યા. ત્યાર પછી તેમની વંશપરમ્પરામાં શ્રીગંગાધર ભટ્ટજીએ ૨૮, શ્રીગણપતિ ભટ્ટજીએ ૩૦, શ્રીવલ્લભ ભટ્ટજીએ પાંચ અને શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ પાંચ સોમયજ્ઞ કર્યા. આ રીતે શ્રીલક્ષ્મણભટ્ટજીના સમયમાં ૧૦૦ સોમયજ્ઞ પૂર્ણ થયા.

## શ્રીવલ્લભાચાર્યજીનું પ્રાકટ્ય

૧૦૦ સોમયજ્ઞ પૂર્ણ થયા પછી શ્રીલક્ષ્મણભટ્ટજી; પ્રભુના અવતરણની પ્રતીક્ષા કરવા લાગ્યા. તેઓ પોતાના પત્ની શ્રીઇલમ્માગારૂજી અને પોતાના કેટલાક આત્મીયજનોને સાથે લઇને દક્ષિણ ભારતથી ઉત્તર ભારત તરફ આવ્યા. શ્રીલક્ષ્મણભટ્ટજી પોતાના આત્મીયજનો સાથે થોડો સમય કાશીમાં રહ્યા; ત્યાં સમાચાર આવ્યા કે આક્રમણકારીઓ કાશી પર આક્રમણ કરવા આવી રહ્યા છે. તેથી પોતાના



પરિવાર અને આત્મીયજનોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને; તેઓ કાશી છોડીને અન્ય સ્થાનમાં જવા નીકળ્યા.

તે વખતે શ્રીઇલમ્માગારૂજી ગર્ભવતી હતા. રસ્તામાં ચમ્પારણ્ય નામના વનમાં શ્રીઇલમ્માગારૂજીને સમય પહેલા પ્રસવ થયો. બાલક નિષ્ચેતન જણાતા, અત્યન્ત વ્યથિત હૃદયે એક વૃક્ષ નીચે તે બાલક રાખીને ઉપર પાંદડા ઢાંકીને તેઓ આગળ વધ્યા.

આગળ જઇને એક સ્થાનમાં રાત્રિવિશ્રામ કર્યો; ત્યાં સ્વપ્નમાં પ્રભુએ આજ્ઞા કરી 'હું આપની રાહ જોઉં છું આપ મને મૂકીને આગળ ન જાવ'

તરત જ અત્યન્ત આતુરતાથી તેઓ પાછા વળ્યા અને જ્યાં પોતાના બાલકને પધરાવ્યા હતા તે શમીના વૃક્ષ નીચે જઇને જોયું તો આસપાસ અગ્નિ પ્રજ્વલિત હતો અને વચ્ચે બાલ શ્રીવલ્લભ પ્રસન્નમુદ્રામાં પોઢી રહ્યા હતા. માતાશ્રીનું હેત છલકાઇ આવ્યું, અગ્નિએ તેમને માર્ગ આપ્યો તેઓએ દોડીને પોતાના પુત્રને ઉપાડી લીધા.

આમ શ્રીવલ્લભાચાર્યજીનું પ્રાકટ્ય; માતાશ્રી શ્રીઇલમ્માગારૂજી અને પિતાશ્રી શ્રીલક્ષ્મણભટ્ટજી ને ત્યાં ચૈત્ર વદ એકાદશી સંવત્ ૧૫૩૫, રવિવારના દિવસે ચમ્પારણ્યમાં થયું.

## શ્રીવલ્લભાચાર્યજીનું બાલપણ

શ્રીવલ્લભ બાલ્યાવસ્થાથી જ અત્યંત પ્રતિભાશાળી હતા. શ્રીવલ્લભ બોલતા શીખ્યા ત્યાર પછી વારંવાર પિતાશ્રીના કક્ષમાં પધારતા.

વિદ્વાન્ પંડિતો બેઠા હોય અને શાસ્ત્રચર્ચાઓ થતી હોય; ત્યાં બિરાજી ચર્ચાઓ સાંભળતા અને ઘણીવાર તો કોઇ પ્રશ્નનું સમાધાન ન મળે તો પોતાની બાલવાણીમાં ઓછા શબ્દોમાં ઉકેલ આપી દેતા. પંડિતો નવાઇ પામી જતા અને શ્રીલક્ષ્મણભટ્ટજીને કહેતા, 'આપના પુત્ર તો વાક્પતિ (વાણીના સ્વામી) છે.'

આ રીતે શ્રીવલ્લભ બાલપણથી જ અત્યન્ત મેધાવી હતા.

શ્રીલક્ષ્મણભટ્ટજી પાસે એક સુંદર હૃષ્ટપુષ્ટ ગાય હતી. તેનું નામ હતું 'પયોદા'.



શ્રીવલ્લભને પયોદા અત્યન્ત પ્રિય હતી.

એક દિવસ બાળ શ્રીવલ્લભે બધાને વાડામાં ભેગા થયેલા જોયા. સહુના મુખ પર દુઃખની લાગણી હતી.

શ્રીવલ્લભે પૂછ્યું 'આપ બધા ઉદાસ કેમ છો ?'

પિતાશ્રીએ જવાબ આપ્યો 'પુત્ર ! આપણી માનીતી ગાય પયોદા મરણ પામી છે. '

શ્રીવલ્લભ નિશ્ચેતન ગાય પાસે પધાર્યા અને ગાયની પીઠ પર પોતાના વાત્સલ્યસભર કોમલ શ્રીહસ્ત ફેરવીને કહ્યું, 'પયોદા ! ઉઠો.'

આમ બોલતા જ જાણે ભર ઉંઘમાંથી આળસ મરડીને ઉભી થતી હોય તેમ પયોદા ઉભી થઇ ગઇ. સૌ નવાઇ પામ્યા.



માતા શ્રીઇલમ્માજીએ વલ્લભને ગોદમાં ઉંચકી લીધા અને વ્હાલથી મસ્તક પર હાથ ફેરવવા લાગ્યા. આ રીતે વિવિધ બાલક્રીડાઓ કરતા કરતા શ્રીવલ્લભ મોટા થતા હતા.

પાંચ વર્ષની વયમાં ઉત્તમ મુહૂર્ત જોઇને; શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ ચૈત્ર વદિ ૯, રવિવારના દિવસે શ્રીવલ્લભના યજ્ઞોપવીત સંસ્કાર કરાવ્યા.

થોડો સમય શ્રીવલ્લભને પિતાશ્રી લક્ષ્મણ ભટ્ટજીએ શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો અને ત્યાર પછી વિદ્વાન્ બ્રાહ્મણો પાસે વિદ્યાભ્યાસ માટે મોકલ્યા.

માત્ર આઠ વર્ષની નાની વયમાં જ આપે સમ્પૂર્ણ વેદ, પુરાણ, સ્મૃતિ વગેરે ધર્મશાસ્ત્રો તેમજ સાંખ્ય, યોગ, ન્યાય, મીમાંસા, જૈન, બૌદ્ધ વગેરે વિભિન્ન મતોનો અભ્યાસ પૂર્ણ કર્યો.

આપશ્રીની અગાધ વિદ્વત્તા જોઇ સહુ કોઇ આશ્ચર્ય પામતા અને આપને 'બાલસરસ્વતી' કહેતા.

## જગન્નાથપુરીમાં શ્રીવલ્લભનો પ્રભાવ




ભારતભ્રમણ કરતા કરતા શ્રીવલ્લભ જગન્નાથપુરીમાં પધાર્યા. જ્યારે શ્રીવલ્લભ શ્રીજગન્નાથજીના મંદિરની પાસે પધાર્યા ત્યારે ત્યાંના કોઇક પંડાએ આપશ્રીને શ્રીહસ્તમાં પ્રભુનો મહાપ્રસાદ આપ્યો. તે દિવસે એકાદશી હતી અને શ્રીવલ્લભનો તો નિયમ હતો કે એકાદશીના દિવસે જલ પણ ન લેવું. તેથી શ્રીવલ્લભે તે મહાપ્રસાદને શ્રીહસ્તમાં જ રાખીને વેદ - પુરાણ વગેરેમાં જ્યાં જ્યાં પણ મહાપ્રસાદના માહાત્મ્યના શ્લોક છે તે સર્વ શ્રીમુખથી ઉચ્ચાર કરવા લાગ્યા.

એમ કરતા કરતા એકાદશીનો દિવસ તથા રાત્રિ વ્યતીત થયા અને બીજા દિવસે સવારે આપે મહાપ્રસાદ ગ્રહણ કર્યો. ત્યારે ત્યાં શ્રીજગન્નાથપુરીમાં શ્રીવલ્લભની વિદ્વત્તા અને માહાત્મ્ય જોઇને સર્વ લોકો કહેવા લાગ્યા 'આપશ્રી તો સાક્ષાત્ ઇશ્વર છે. મનુષ્યદેહમાં આવી વિદ્યા ન હોય. ચાર વેદ, અઢાર પુરાણ સર્વ શાસ્ત્ર આપને જીવ્હાગ્ર છે. '

તે સમયે જગન્નાથપુરીમાં રાજા ભોજદેવ હતા. તેમણે પણ આ ચર્ચા સાંભળી.

તેથી તેણે આવીને શ્રીવલ્લભાચાર્યજીના દર્શન કર્યા અને કહ્યું,' મારા ઘણા ભાગ્ય છે કે મને આપના દર્શન થયા. અમારે ત્યાં વૈષ્ણવ સમ્પ્રદાય અને માયાવાદીઓ વચ્ચે ઘણો વિવાદ છે. તેનું કોઇ સમાધાન થતું જ નથી. આપનું જ સામર્થ્ય છે; તેથી આપ કંઇક ઉપાય કરો.'

શ્રીવલ્લભે કહ્યું 'તમારી ઇચ્છા પ્રભુ અવશ્ય પૂર્ણ કરશે. તમારે ત્યાં જેટલા પણ બ્રાહ્મણો છે તેમને બધાને એકત્રિત કરો અને જે મોટા મોટા પંડિત હોય તે અમારી સાથે આવીને ચર્ચા કરે.'

ત્યારે રાજાએ બધા બ્રાહ્મણોને બોલાવ્યા. બધા જ બ્રાહ્મણો શ્રીજગન્નાથજીના મંદિરમાં ભેગા થયા. રાજા ભોજદેવ પણ સભામાં આવ્યા.

શ્રીવલ્લભાચાર્યજી પણ સભામાં પધાર્યા. સર્વને આપના એવા દર્શન થયા જાણે કે સાક્ષાત્ સૂર્ય - અગ્નિનો તેજોમય પુંજ હોય.

ત્યાર પછી વિદ્વાનો આપશ્રી સાથે શાસ્ત્રચર્ચા કરવા લાગ્યા. પંડિતો જે જે યુક્તિ લગાડે શ્રીવલ્લભ તેનું ખંડન કરે. ઘણો લાંબો સમય ચર્ચા ચાલી. પંડિતો ઉત્તર ન આપી શકે છતાં પણ પરાજય માનવા તૈયાર ન થયા. કેમે કરીને ચર્ચાનો અન્ત ન આવ્યો.

ત્યારે શ્રીવલ્લભે કહ્યું 'આપણા વાદનું સમાધાન શ્રીજગન્નાથજી ભગવાન્ પાસેથી જ મેળવીએ. તેઓશ્રી જે લખી આપે તે જ સત્ય.'

ત્યારે રાજા અને બ્રાહ્મણોએ કહ્યું, 'શ્રીજગન્નાથજી કેવી રીતે લખશે ?'

શ્રીવલ્લભે કહ્યું, 'શ્રીજગન્નાથજીની સામે કોરો કાગળ અને લેખની-સાહીનો ખડિયો ધરી આવો અને દ્વાર બંધ કરો.'

ત્યાર પછી આપશ્રીએ કાગળ પર ચાર પ્રશ્નો લખ્યા -

(૧) પરમાર્થના સાધનરૂપ મુખ્ય શાસ્ત્ર કયું ?

(૨) મુખ્ય સેવ્ય દેવ કયા ?

(૩) મુખ્ય મન્ત્ર કયો ?

(૪) મુખ્ય ધર્મ (કર્મ) કયો ?

આ પ્રશ્નો લખેલો કાગળ સર્વને બતાવીને શ્રીવલ્લભે રાજાને આપ્યો અને રાજાએ શ્રીજગન્નાથજી સમ્મુખ એ કાગળ અને સાથે કોરો કાગળ તેમ જ કલમ-ખડિયો મૂકી મંદિરના દ્વાર બંધ કરવામાં આવ્યા.

થોડા સમય પછી દ્વાર ખોલતા; ચારેય પ્રશ્નોના ઉત્તર રૂપે; શ્રીજગન્નાથજી પ્રભુએ એક શ્લોક લખી આપ્યો હતા. જે  આ પ્રમાણે હતો.

**એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતમ્ એકો દેવો દેવકીપુત્ર એવ ।**
**મન્ત્રોપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા ।।**

(૧) સર્વ શાસ્ત્રોના સાર રૂપ છે - ભગવાન્ શ્રીકૃષ્ણએ કહેલી ગીતા,
(૨) સર્વોપરી દેવ છે - ભગવાન્ શ્રીકૃષ્ણ,
(૩) મુખ્ય મન્ત્ર છે - ભગવાન્ શ્રીકૃષ્ણના નામ,
(૪) શ્રેષ્ઠ કર્મ પણ - ભગવાન્ શ્રીકૃષ્ણની સેવા જ છે.

આ રીતે શ્રીવલ્લભાચાર્યજી દ્વારા કહેવાયેલા સિદ્ધાન્તને ભગવાન્

શ્રીજગન્નાથજીએ પણ સર્વ પંડિતોની સામે પૂર્ણ સમર્થન આપ્યું.

શ્રીજગન્નાથજીના હસ્તાક્ષર જોઇને સર્વજનો અત્યન્ત પ્રસન્ન થયા. અને બોલ્યા ‘ આ વચન અમારા માટે સર્વોપરી માન્ય છે.’ સહુજનો શ્રીવલ્લભાચાર્યજીની સ્તુતિ કરવા લાગ્યા કે ‘ધન્ય છે શ્રીવલ્લભ ! આપશ્રી જે કહે છે તે સાક્ષાત્ ભગવાન્ પણ કરે છે.’

રાજા ભોજદેવે કહ્યું કે ‘આપ સાક્ષાત્ ઇશ્વર છો. આપશ્રી વિના આ વિવાદનો કોઇ સમાધાન ન કરી શકત.’



આ રીતે વિભિન્ન મતના વિદ્વાનો, રાજાઓ અને ધાર્મિક જનસમુદાય; શ્રીવલ્લભાચાર્યજીની બહુમુખી પ્રતિભા અને તેજસ્વી વ્યક્તિત્વથી પરિચિત અને પ્રભાવિત થયા હતા.

આમ બાલ્ય-અવસ્થાથી જ સમસ્ત ભારતમાં શ્રીવલ્લભાચાર્યજીનો યશ પ્રસરી રહ્યો હતો.

## ત્રણ પૃથ્વી (ભારત) પરિક્રમા

શ્રીવલ્લભાચાર્યજીના ભૂતલ પર પ્રકટ થવાના મુખ્ય ત્રણ કારણો હતા.

(૧) પ્રભુના કૃપાપાત્ર દૈવી પુષ્ટિજીવોને પ્રભુની પ્રાપ્તિનો માર્ગ બતાવવો.
(૨) શ્રીમદ્ભાગવતના વાસ્તવિક અર્થને પ્રકટ કરવો.
(૩) સાકાર બ્રહ્મવાદ (શુદ્ધાદ્વૈત મત)નું સ્થાપન કરવું.

દૈવીજીવોના ઉદ્ધાર અને શાસ્ત્રોના સાચા અર્થને લોકમાં સ્થાપિત કરવા માટે શ્રીવલ્લભાચાર્યજીએ ખૂબ જ નાની વયથી ભ્રમણ કરવાનો પ્રારંભ કર્યો. સમ્પૂર્ણ ભારતના વિવિધ ક્ષેત્રોમાં આપશ્રી પધાર્યા. અનેક ધર્મનિષ્ઠ જીવો આપશ્રીના દિવ્ય વ્યક્તિત્વ અને સુંદર સરલ પ્રામાણિક સિદ્ધાન્તોથી પ્રભાવિત થઇને આપશ્રીને શરણે આવ્યા.



શ્રીવલ્લભ જ્યાં પણ પધારતા ત્યાં ગામની બહાર જ વૃક્ષ નીચે એકાન્તમાં મુકામ કરતા. શ્વેત ધોતી - ઉપરણો ધારણ કરતા. દ્રવ્ય સંગ્રહ ન કરતા. આપશ્રીનું

જીવન અત્યન્ત સાત્ત્વિક હતું.

આપશ્રીએ પોતાના શિષ્યોને ભગવાન્ શ્રીકૃષ્ણની શરણાગતિ અને ભક્તિ નો ઉપદેશ આપ્યો અને તે પ્રમાણે જીવન જીવવાની પ્રેરણા આપી.

આ રીતે શ્રીવલ્લભે ત્રણ વખત ખુલ્લા ચરણારવિન્દથી સમ્પૂર્ણ ભારતની પરિક્રમા કરી.

શ્રીવલ્લભાચાર્યજી; ભારત પરિક્રમા દરમ્યાન શ્રીબદ્રિનાથજી - વ્યાસગુફા (ભારતનો ઉત્તર ભાગ) થી લઇને રામેશ્વરમ્ (ભારતનો દક્ષિણ ભાગ ) તેમ જ બેટ દ્વારકા (ભારતનો પશ્ચિમ ભાગ) થી ગંગાસાગર (ભારતનો પૂર્વ ભાગ ) સુધી પધાર્યા.

આટલા મોટા વિસ્તારમાં જુદી જુદી ભૌગોલિક કઠિન પરિસ્થિતિઓ અને કડકડતી ઠંડી - અત્યન્ત ગરમી - વરસતા વરસાદ વગેરે જુદી જુદી ઋતુઓમાં ખુલ્લા ચરણારવિન્દથી અને માત્ર ધોતી-ઉપરણા ધારણ કરીને પધારવું તે આપશ્રીનું વિલક્ષણ સામર્થ્ય અને કર્તવ્યનિષ્ઠા બતાવે છે.

આપનું એક જ લક્ષ્ય હતું - જીવોને ભગવદ્ સમ્મુખ કરવા અને શાસ્ત્રના પ્રામાણિક સિદ્ધાન્તોને જગતમાં સ્થાપિત કરવા.

તે લક્ષ્ય પ્રાપ્તિ માટે શ્રીવલ્લભે કેટલી પણ કપરી પરિસ્થિતિઓ હોય તેની પરવા કરી નથી. આચાર્યવર્ય શ્રીવલ્લભાચાર્યજીને માત્ર અને માત્ર જીવોના કલ્યાણની જ ચિન્તા હતી.

## ભગવાન્ શ્રીકૃષ્ણ દ્વારા દીક્ષામન્ત્રનું પ્રદાન

એક વખત શ્રાવણ સુદ એકાદશી (પવિત્રા એકાદશી) ના રાત્રિના શ્રીવલ્લભાચાર્યજી શ્રીગોકુલમાં શ્રીયમુનાજીના તટ પર વિશ્રામ કરી રહ્યા હતા. સાથે આપના પરમ શિષ્ય દામોદરદાસ હરસાનીજી પણ હતા.

તે સમયે શ્રીવલ્લભને ચિન્તા થઇ કે ''પ્રભુની આજ્ઞા પ્રમાણે પુષ્ટિજીવોને ભગવદ્સેવા દ્વારા પ્રભુસંબંધી બનાવવા છે. પરન્તુ પ્રભુની સેવા માટે આવશ્યક શુદ્ધિ તો જીવમાં છે નહિ ! તો પછી તેવા દોષયુક્ત જીવનો પરમ ગુણવાન્ સર્વદોષ રહિત એવા પ્રભુ સાથે સંબંધ કેવી રીતે થઇ શકે ?''

શ્રીવલ્લભની જીવોના ઉદ્ધાર વિષયક આ ચિન્તાને દૂર કરવા માટે ભગવાન્ શ્રીકૃષ્ણ શ્રીવલ્લભની સામે સાક્ષાત્ પ્રકટ થયા અને શ્રીમહાપ્રભુજીને 'બ્રહ્મસમ્બન્ધ મન્ત્ર' પ્રદાન કરીને આજ્ઞા કરી કે ''બ્રહ્મસમ્બન્ધ મન્ત્રની દીક્ષા આપીને જે જીવને આપ સેવા

યોગ્ય બનાવશો તેની સેવા હું અંગીકાર કરીશ અને તેને પોતાનો માનીશ; તેને છોડીશ નહિ.''

શ્રીવલ્લભ ભગવાન્ શ્રીકૃષ્ણ પાસેથી જીવના ઉદ્ધારનો ઉપાય પ્રાપ્ત કરીને અત્યન્ત પ્રસન્ન થયા. ત્યાર પછી શ્રીવલ્લભે પોતાના અનન્ય સેવક દામોદરદાસ હરસાનીજી ને પૂછ્યું 'દમલા ! તેં કછુ સુન્યો ? (દમલા ! તે કંઇ સાંભળ્યું ?)

દામોદરદાસજીએ જવાબ આપ્યો 'મહારાજ ! સુન્યો તો સહિ પરિ સમુજ્યો નાહિ' (મહારાજ; સાંભળ્યું તો ખરૂં પણ સમજાયું નહિ)

ત્યારે શ્રીવલ્લભે દામોદરદાસજીને પ્રભુએ પ્રકટ થઇને કહેલી સર્વ આજ્ઞા કહીને સમજાવી અને સર્વપ્રથમ બ્રહ્મસમ્બન્ધદીક્ષા દામોદરદાસજીને આપી.



ત્યાર પછી વિવિધ સ્થાનો પર અનેક જીવોને શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપી. જેમને શ્રીમહાપ્રભુજી બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપતા તેઓ પૂછતા 'અબ હમારો કહા કર્તવ્ય હૈ ?' ત્યારે શ્રીવલ્લભ ઉત્તર આપતા 'ભગવદ્સ્વરૂપ પધરાયકે સેવા કરો.'

ત્યાર પછી અનેક પ્રસંગોમાં શ્રીમહાપ્રભુજીએ; તે વૈષ્ણવને ઘરે બિરાજીને તેમને સમ્પૂર્ણ ભગવદ્સેવાનો ક્રમ સમજાવ્યો છે. આ રીતે શ્રીવલ્લભ; પોતાના શિષ્ય પ્રતિ આત્મીયતાથી તેમના સાચા અને સમ્પૂર્ણ માર્ગદર્શક બન્યા છે. શ્રીવલ્લભની કૃપાથી અનેક વૈષ્ણવોની સેવાનો પ્રભુએ સ્વીકાર કર્યો.

## શ્રીનાથજીનું પ્રાકટ્ય

દૈવી જીવોના ઉદ્ધાર માટે પરિભ્રમણ કરતા કરતા જ્યારે શ્રીમહાપ્રભુજી વ્રજ તરફ પધારી રહ્યા હતા ત્યારે માર્ગમાં ઝારખંડનો પ્રદેશ આવ્યો. ત્યાં શ્રીગોવર્ધનનાથજીએ શ્રીવલ્લભને આજ્ઞા કરી કે 'અમે શ્રીગોવર્ધન પર્વત પર પ્રકટ થયા છીએ. આપ જલ્દીથી પધારીને અમારી સેવાનો ક્રમ પ્રકટ કરો.'




ત્યાર પછી શ્રીવલ્લભ આન્યોર પધાર્યા. ત્યાં એક ચોંતરા પર બિરાજ્યા હતા, ત્યારે આસપાસના વ્રજવાસીઓ આપના દર્શન કરીને કહેવા લાગ્યા, 'આ તો કોઇ મોટા મહાપુરૂષ છે. આવું તેજ કોઇ મનુષ્યના મુખ પર ન હોય.' તે સમયે એક વ્રજવાસી સદુ પાંડેએ આવીને હાથ જોડીને શ્રીવલ્લભને કહ્યું, 'સ્વામી ! કંઇક આરોગશો ?' ત્યારે શ્રીવલ્લભની સાથે રહેલા કૃષ્ણદાસ મેઘને કહ્યું, 'આપશ્રી પોતાના શિષ્ય સિવાય કોઇનું ગ્રહણ કરતા નથી.'

સદુપાંડેની પત્ની નું નામ હતું ભવાની અને તેની પુત્રીનું નામ હતું નરો. નરો પર શ્રીનાથજી ખૂબ જ કૃપા કરતા. તે પ્રતિદિન સવાર સાંજ શ્રીગોવર્ધનનાથજીને દૂધ આરોગાવવા ગિરિરાજજી પર જતી અને ત્યારેક કોઇ કામકાજ વ્યસ્ત હોવાને કારણે નરો ન જઇ શકતી તો શ્રીગોવર્ધનધર તેને બોલાવતા અને છતાંય ન જઇ શકતી તો સ્વયં તેના ઘરે પધારીને માંગીને દૂધ આરોગતા.

તે દિવસે શ્રીવલ્લભ પધાર્યા હતા તેથી નરો દૂધ આરોગાવવા ન જઇ શકી તો શ્રીનાથજીએ સાદ પાડીને તેને બોલાવી, 'અરે નરો ! મહેમાન આવ્યા તે તો સારૂં થયું પણ મારી માટે દૂધ તો લાવ.' ત્યારે નરો દૂધ લઇને ગઇ.

શ્રીવલ્લભે એ અવાજ સાંભળીને દામોદરદાસજીને કહ્યું,'દમલા ! પ્રભુ અહીં જ પ્રકટ થયા છે. તેથી સવારે ઉપર જઇશું.'



પછી શ્રીગોવર્ધનનાથજીને દૂધ આરોગાવીને નરો પાછી આવી ત્યારે શ્રીવલ્લભે કહ્યું 'આમાં કંઇ બચ્યું હોય તો અમને દે.'

નરો કહે, 'હા મહારાજ ! પણ થોડુંક જ બચ્યું છે, ઘરમાં દૂધ ઘણું છે. વધારે લઇ આવું ?'

શ્રીવલ્લભે કહ્યું 'ના; બીજું તો નથી જોઇતું, આ થોડુંક જ લાવ.' અને શ્રીવલ્લભે એ પ્રસાદી દૂધ ગ્રહણ કર્યું.

ત્યાર પછી સદુ પાંડે ; પરિવાર સહિત શ્રીવલ્લભના શરણે આવ્યા.

સવારે સ્નાન કરીને શ્રીવલ્લભ સર્વ વૈષ્ણવોને સાથે લઇને શ્રીગિરિરાજજી ઉપર પધાર્યા. શ્રીવલ્લભને પધારતા જોઇને શ્રીગોવર્ધનનાથજી અત્યન્ત હર્ષિત થઇને સામા પધાર્યા. બન્ને સ્વરૂપ મળ્યા ત્યારે ખૂબ જ પ્રસન્ન થયા.

શ્રીગોવર્ધનનાથજીએ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી કે 'આપ મારી સેવાનો ક્રમ પ્રકટ કરો.'

ત્યારે શ્રીવલ્લભે એક નાનકડું મંદિર સિદ્ધ કરાવીને શ્રીનાથજીને પાટ બિરાજાવ્યા અને અપ્સરા કુંડ ઉપર એક ગુફામાં રહેતા રામદાસ ચૌહાન જે શ્રીવલ્લભને શરણે આવ્યા હતા તેમને સેવાનો ક્રમ શિખવાડીને શ્રીનાથજીની સેવા કરવાની આજ્ઞા કરી.


## શ્રીસુબોધિનીલેખન તથા અન્ય ગ્રન્થો

પરિભ્રમણના અતિ વ્યસ્ત કાર્યક્રમની સાથે સાથે શ્રીવલ્લભાચાર્યજીને; 'શ્રીમદ્‌ભાગવત' પર વિવરણ લખવાનું અતિશય મહત્ત્વનું કાર્ય પણ કરવાનું હતું.

એક વખત જ્યારે શ્રીવલ્લભાચાર્યજી વૃન્દાવનમાં બિરાજતા હતા ત્યારે તેઓશ્રીને મળવા નિમ્બાર્ક સમ્પ્રદાયના આચાર્ય શ્રીકેશવભટ્ટ કાશ્મીરી આવ્યા. તેમની સાથે તેમના શિષ્ય માધવભટ્ટ કાશ્મીરી પણ હતા.

તે સમયે શ્રીવલ્લભાચાર્યજી શ્રીમદ્‌ભાગવતનું પારાયણ કરી રહ્યા હતા. તેથી કેશવભટ્ટ અને માધવભટ્ટ; બન્નેએ શ્રીવલ્લભાચાર્યજીના શ્રીમુખથી શ્રીમદ્‌ભાગવતનું શ્રવણ કર્યું.

માધવભટ્ટ કાશ્મીરીને શ્રવણ કરતા અતિશય આનન્દનો અનુભવ થયો અને તેઓને સદા શ્રીવલ્લભની નિકટ રહેવાની ઇચ્છા થઇ.



કેશવભટ્ટ કાશ્મીરીએ પણ તેમની ઇચ્છા જાણીને તેમને શ્રીમહાપ્રભુજીને ભેટ કર્યા.

માધવભટ્ટ સારા શ્રોતા અને સારા લિપિક પણ હતા. તેમના અક્ષર ખૂબ જ સુંદર થતા.

શ્રીવલ્લભને પણ અનુકૂલતા થઇ; આપશ્રી 'સુબોધિની' લખાવે અને માધવભટ્ટ કાશ્મીરી લખતા જાય.

હવે લેખન કાર્ય વેગથી થવા લાગ્યું. માધવભટ્ટ સમજી સમજીને લખતા; કોઇ વાત ન સમજાય તો શ્રીવલ્લભ તેનું વિવરણ કરીને સમજાવતા.

શ્રીવલ્લભાચાર્યજીએ અન્ય પણ અનેક ગ્રન્થોની રચના કરી છે. પોતાના અનુયાયીઓને કર્તવ્ય અને સિદ્ધાન્ત ની સમજ આપવા માટે આપશ્રીએ નાના નાના ૧૬[૧] ગ્રન્થોની રચના કરી. જે **'ષોડશગ્રન્થ'** રૂપે પ્રસિદ્ધ છે.

આ સિવાય પણ **તત્ત્વાર્થદીપનિબન્ધ, શ્રીબ્રહ્મસૂત્ર-અણુભાષ્ય, ગાયત્રીભાષ્ય, ત્રિવિધલીલાનામાવલી, શ્રીપુરૂષોત્તમસહસ્રનામસ્તોત્ર, પત્રાવલંબન** વગેરે અનેક ગ્રન્થોની રચના આપશ્રીએ કરી.

## શાસ્ત્રાર્થમાં વિજય અને કનકાભિષેક

ભારતીય ધર્મશાસ્ત્રો અને તત્ત્વવિચાર શાસ્ત્રો ના યથાર્થ તાત્પર્યને પ્રકટ કરવા માટે વિદ્વાનો વચ્ચે શાસ્ત્રચર્ચાઓ થતી અને ચર્ચાના અન્તે ધર્મ અને તત્ત્વ ના સિદ્ધાન્ત પ્રસ્થાપિત થતા.

શ્રીવલ્લભાચાર્યજી ભારતભ્રમણ કરતા કરતા અનેક સ્થાનો પર શાસ્ત્રચર્ચાઓ દ્વારા સિદ્ધાન્તની સ્થાપના નું મહાન્ ઉત્તરદાયિત્વ પરિપૂર્ણ કરી રહ્યા હતા.

તે સમયે કેટલાક માયાવાદી બ્રાહ્મણોએ સરસ્વતીદેવીની આરાધના કરીને તેમને વશમાં કર્યા હતા. તેથી તેઓ જ્યાં જાય ત્યાં સરસ્વતીજીનો ઘટ મુકે અને ચર્ચા પછી સરસ્વતીજી પાસે બોલાવે કે 'આ બ્રહ્મણો નો મત સાચો છે.' એમ કરીને વાદમાં તેઓને કોઇ જીતી શકતું નહિ.



એક વખત આપશ્રી ઉજ્જૈન પાસે ઓડછા પધાર્યા હતા. તે વખતે ઓડછા દેશના રાજા રામભદ્રનારાયણ ને ત્યાં બ્રાહ્મણોની સભા ભેગી થઇ

હતી. શ્રીવલ્લભે જ્યારે આ સમાચાર સાંભળ્યા ત્યારે આપશ્રી તે સભામાં પધાર્યા. રાજા આપશ્રીના દર્શન કરીને અત્યન્ત પ્રસન્ન થયા અને આપને ઉંચા આસન પર બિરાજાવ્યા.

ત્યાર પછી માયાવાદી બ્રાહ્મણો સાથે શ્રીવલ્લભે શાસ્ત્રચર્ચાનો પ્રારંભ કર્યો. બ્રાહ્મણોએ કહ્યું - આ ઘટમાં સરસ્વતીજી છે તેઓ જે કહે તે સાચું. શ્રીવલ્લભે કહ્યું, 'ભલે; તમે સરસ્વતીજી પાસે બોલાવો.' બ્રાહ્મણોએ ઘટને વિનન્તી કરી; પરન્તુ ઘટમાંથી સરસ્વતીજી તો બોલ્યા જ નહિ. ત્યારે શ્રીવલ્લભે રાજાને કહ્યું કે 'આ સર્વ તો છલ કરીને ચર્ચામાં વિજય પ્રાપ્ત કરે છે. વૈષ્ણવમાર્ગ તો સર્વોપરી છે.'

ત્યારે બ્રાહ્મણોએ સરસ્વતીજીને પૂછ્યું 'તમે અમારૂં અપમાન કેમ કરાવ્યું.' સરસ્વતીજીએ તેમને જણાવ્યું કે 'અરે દુષ્ટો ! કોઇ મનુષ્ય હોય તો તેની સામે તો હું બોલું. સાક્ષાત્ વાક્પતિ કે જેના કંઠાગ્રમાં હું રહું છું તેમની સામે હું કેમ બોલું ? (કેમકે શ્રીવલ્લભ જે કહે છે તે જ સાચું છે)'

સમસ્ત રાજસભામાં શ્રીવલ્લભનો જયજયકાર થઇ રહ્યો. રાજાએ વિચાર્યું કે 'મારા ધન્ય ભાગ્ય છે કે પૂર્ણ પુરૂષોત્તમ મારા ઘરે પધાર્યા.' તે પછી રાજા અને અનેક દૈવીજીવો શ્રીવલ્લભને શરણે આવ્યા. રાજાએ શ્રીવલ્લભનો કનકાભિષેક કરાવ્યો. શ્રીવલ્લભની આજ્ઞાથી તે સ્નાનના સુવર્ણનું દ્રવ્ય બ્રાહ્મણ બાલકોના યજ્ઞોપવીત અને બ્રાહ્મણ કુમારિકાઓના વિવાહમાં ઉપયોગ કરવામાં આવ્યો.

## સ્વમતસ્થાપન તથા પત્રાવલંબનની રચના

શ્રીવલ્લભાચાર્યજીએ વેદ-શ્રીમદ્‌ભગવદ્‌ગીતા-બ્રહ્મસૂત્ર-શ્રીમદ્‌ભાગવત આદિ સર્વ શાસ્ત્રોનું મનન પૂર્વક સર્વશાસ્ત્રવચનોની એકવાક્યતા કરીને 'સાકાર બ્રહ્મવાદ' નો તત્ત્વસિદ્ધાન્ત પ્રસ્થાપિત કર્યો; જે પછીથી 'શુદ્ધાદ્વૈતવાદ' નામથી પણ ઓળખાયો.

સાકાર બ્રહ્મવાદના સિદ્ધાન્ત દ્વારા આ ભૂતલ પર જ શ્રીવલ્લભાચાર્યજીએ પુષ્ટિજીવો ને 'પ્રભુ' શ્રીકૃષ્ણ પ્રાપ્ત કરાવ્યા છે તેથી આપશ્રી શ્રીમહાપ્રભુજી તરીકે પણ પ્રસિદ્ધ થયા.



શ્રીવલ્લભાચાર્યજી દ્વારા સ્થાપિત સિદ્ધાન્તોને સંક્ષેપમાં જોઇએ તો -

પરં બ્રહ્મ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણ છે.
શ્રીકૃષ્ણ ભગવાને પોતાનામાંથી જ આ સર્વ સૃષ્ટિ (જડ-ચેતન તત્ત્વો ) ની રચના કરી છે.
સૃષ્ટિમાં પ્રભુએ વિવિધ પ્રકારના જીવો રચ્યા છે. તેમાં વિશેષ કૃપા જેમની પર છે; તે પુષ્ટિ જીવો છે.
ભગવાન્ શ્રીકૃષ્ણની શરણાગતિ - ભક્તિ ને અનુસારી જીવન જીવવું તે પુષ્ટિ જીવોનું મુખ્ય કર્તવ્ય છે.

આપશ્રી જ્યારે કાશીમાં નિવાસ કરતા હતા ત્યારે ત્યાં દેશના ખૂણે ખૂણેથી વિદ્વાન પંડિતો આપશ્રીની સાથે શાસ્ત્રચર્ચા કરવા આવતા.


પ્રતિદિન શાસ્ત્રચર્ચા કરવામાં ઘણો સમય વ્યતીત થતો અને એક જ વાત પુનઃ પુનઃ અનેક વ્યક્તિઓને કહેવા કરતા શ્રીવલ્લભાચાર્યજીએ એક ઉપાય કર્યો. આપશ્રીએ પોતાનો મત 'પત્રાવલંબન' નામથી લખીને કાશીવિશ્વનાથના મંદિરમાં લગાવડાવી દીધો.

પત્રાવલંબનમાં સિદ્ધાન્તવિષયક ચર્ચા કર્યા પછી સમાપનમાં આપશ્રીએ લખ્યું કે - 'કાશીવિશ્વનાથના મંદિરમાં મેં ડિંડિમઘોષ કર્યો છે. જેના સાક્ષિ મહાદેવજી છે. જો કોઇને હવે શાસ્ત્રના તાત્પર્યના વિષયમાં સન્દેહ હોય તો મને આવીને પૂછી શકો છો.'

આ રીતે પત્રાવલંબન દ્વારા શ્રીવલ્લભાચાર્યજીએ અનેક પંડિતોને નિરૂત્તર કર્યા. તે પછી પણ જેમને કોઇપણ ચર્ચા કરવી હોય તો તેઓ શ્રીવલ્લભ પાસે આવતા અને આપશ્રી તેમનું સમાધાન કરતા.

## શ્રીવલ્લભાચાર્યજીનો પરિવાર

શ્રીવલ્લભાચાર્યજી એક વખત પંઢરપુર પધાર્યા હતા. ત્યાં બિરાજતા પ્રભુ પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીના દર્શન કરવા પધાર્યા. ત્યારે શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીવલ્લભને આજ્ઞા કરી કે 'ભક્તિમાર્ગનો પ્રચાર આગળ પણ થતો રહે તે માટે અમારે આપને ત્યાં પ્રકટ થવું છે તેથી આપ વિવાહ કરો.'



ભગવદાજ્ઞાને અનુસરીને શ્રીવલ્લભે શાસ્ત્રીય વિધિ પ્રમાણે શુભ મુહૂર્તમાં કાશીમાં શ્રીમધુમંગલજી ના સુપુત્રી શ્રીમહાલક્ષ્મીજી સાથે વિવાહ કરીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો.

શ્રીવલ્લભાચાર્યજીને ત્યાં બે પુત્ર નું પ્રાકટ્ય થયું. પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજીનું પ્રાકટ્ય વિક્રમ સંવત્ ૧૫૬૭ માં અડેલમાં થયું. દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઇજી)નું પ્રાકટ્ય વિક્રમ સંવત્ ૧૫૭૨ માં ચરણાટમાં થયું.

બન્ને બાલકો નાનપણથી જ ભગવદ્‌સ્વરૂપમાં આસક્તિ વાળા હતા.

શ્રીવિઠ્ઠલનાથજી બાલક હતા ત્યારનો એક પ્રસંગ છે; શ્રીમહાપ્રભુજીએ શ્રીવિઠ્ઠલનાથજીને રમવા માટે શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. તેમને ભોગ ધરવા માટે એક ઠોર પ્રતિદિન આપવામાં આવતો. એક વખત શ્રીવિઠ્ઠલેશજીએ ઠોર ભોગ ધર્યો ત્યારે શ્રીબાલકૃષ્ણ પ્રભુ તે ઠોર લઇને આરોગવા લાગ્યા. તે વખતે નાના બાલક શ્રીવિઠ્ઠલનાથજીએ વિચાર્યું કે ' જો શ્રીબાલકૃષ્ણજી આખો ઠોર આરોગી જશે તો મને તો કંઇ મળશે જ નહિ !' તેથી તેમણે શ્રીબાલકૃષ્ણજીનો હાથ પકડી લીધો. હવે તો મજાની રમત શરૂ થઇ; આ બાજુ શ્રીઠાકુરજી ઠોર ખેંચે બીજી બાજુ શ્રીવિઠ્ઠલનાથજી ખેંચે. શ્રીમહાપ્રભુજીએ આ બાલક્રીડા જોઇ અને અત્યન્ત પ્રસન્ન થયા. પછી આપશ્રીએ શ્રીવિઠ્ઠલેશજીને કહ્યું, 'આ તો લડાકુ (નટખટ) ઠાકુર છે તમે તેમને પહોંચી નહિ શકો. હવેથી તમને બે ઠોર આપવામાં આવશે એક શ્રીબાલકૃષ્ણજીનો અને એક તમારો.'

આ રીતે શ્રીવલ્લભના બાલકોની બાલક્રીડા પણ સાત્ત્વિક, ધર્મનિષ્ઠ અને ભગવદ્‌ભક્તિભાવથી પરિપૂર્ણ હતી.

બન્ને શ્રીવલ્લભનન્દન; શ્રીગોપીનાથજી તથા શ્રીવિઠ્ઠલનાથજીમાં પરસ્પર અત્યન્ત સ્નેહભાવ હતો. ભગવદ્‌સેવાનો ક્રમ તથા ગ્રન્થપાઠનો ક્રમ બન્ને બાલકો સાથે રહીને હળીમળીને કરતા.

બન્ને બાલકોએ નાની વયમાં જ સર્વ શાસ્ત્રોનું અધ્યયન કરી લીધું હતું.

મોટા થઇને શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીવલ્લભને અનુસરીને લોકમાં ભક્તિમાર્ગનો પ્રચાર કર્યો અને શ્રીવલ્લભનું કાર્ય આગળ વધાર્યું. બન્ને આચાર્યોએ વિવિધ ગ્રન્થોની રચના કરીને પુષ્ટિગ્રન્થસાહિત્યને સમૃદ્ધ કર્યું.



## શ્રીપુરૂષોત્તમસહસ્રનામની રચના - વૈષ્ણવોને શ્રેષ્ઠ જીવન માટેની પ્રેરણા



શ્રીવલ્લભના મોટા પુત્ર શ્રીગોપીનાથજીનો પ્રતિદિનનો એવો નિયમ હતો કે સમ્પૂર્ણ શ્રીમદ્ભાગવતનો પાઠ કરીને જ ભોજન કરવું. શ્રીમદ્ભાગવત બૃહદ્ (મોટો) ગ્રન્થ છે. તેમાં ૧૮૦૦૦ શ્લોક છે. તેથી સમ્પૂર્ણ શ્રીમદ્ભાગવતનો પાઠ કરવામાં ઘણો સમય લાગે. તે કારણે શ્રીગોપીનાથજી ભોજન પણ બે ત્રણ દિવસે કરતા.

શ્રીગોપીનાથજીના આ પરિશ્રમનું નિવારણ થાય અને તેમનો નિયમ પણ સંચવાય તે માટે શ્રીમહાપ્રભુજીએ 'શ્રીપુરૂષોત્તમસહસ્રનામ સ્તોત્ર'ની રચના કરી; જેના પાઠથી શ્રીમદ્ભાગવતના પાઠ કર્યાનું ફલ પ્રાપ્ત થાય છે.

તે જ રીતે શ્રીવલ્લભે પોતાના નાના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી માટે શ્રીમદ્ભાગવતના દશમ સ્કન્ધના અર્થ રૂપ ત્રિવિધલીલાનામાવલી ની પણ રચના કરી. આ રીતે શ્રીવલ્લભે પોતાના બન્ને પુત્રોને ભક્તિમાર્ગનિષ્ઠાનું દાન કર્યું.

શ્રીવલ્લભાચાર્યજીના અનેક શિષ્ય થયા. જેમાંથી ૮૪ વૈષ્ણવોની વાર્તા પ્રસિદ્ધ છે. આપશ્રી અત્યન્ત કાળજીપૂર્વક અને આત્મીયતાના ભાવ થી પોતાના શિષ્યોને શ્રેષ્ઠ માર્ગનો બોધ આપતા.

આપશ્રીના શિષ્યોમાં પણ ખૂબ જ જીજ્ઞાસાવૃત્તિ રહેતી. તેઓ શ્રીવલ્લભને પોતાના કર્તવ્યના વિષયમાં પૂછતા કે 'અબ હમારો કહા કર્તવ્ય હૈ ?' ત્યારે આપશ્રી જેમનો જેવો અધિકાર હોય તે પ્રમાણે ભગવદ્સેવા, ભગવદ્શરણાતિ વગેરે કર્તવ્યોનો ઉપદેશ આપતા.

શ્રીવલ્લભ પોતાની સાથે રહેતા વૈષ્ણવોનું પોતાના બાળકની જેમ ધ્યાન રાખતા. વૈષ્ણવોને ઘરે પધારીને ત્યાં કેટલોક સમય રોકાઇને તેમને ભગવદ્સેવાનો ક્રમ પણ શીખવતા.



પોતાના શિષ્યોનું જીવન સાત્ત્વિક, ધર્મનિષ્ઠ અને ભગવદ્ભક્તિથી ઓતપ્રોત બને તે માટે આપ સતત પ્રયત્નશીલ રહેતા.

## શેઠ પુરૂષોત્તમદાસને ત્યાં નન્દમહોત્સવ

કાશીના નગરશેઠ પુરૂષોત્તમદાસ શ્રીમહાપ્રભુજીના શિષ્ય હતા. તેઓ શ્રીમદનમોહનજીની સેવા કરતા.

એક વખત શ્રીમહાપ્રભુજી કાશીમાં શેઠ પુરૂષોત્તમદાસને ત્યાં પધાર્યા.


શ્રીમહાપ્રભુજી ત્યાં બિરાજતા હતા તે સમયમાં જન્માષ્ટમીનો ઉત્સવ આવ્યો. ત્યારે શ્રીઆચાર્યચરણે નન્દરાયજીને ત્યાં જે રીતે નન્દમહોત્સવ થયો હતો તે ભાવથી શ્રીઠાકુરજીને પલનામાં પધરાવી નન્દમહોત્સવ કર્યો.

જ્યારે શ્રીમહાપ્રભુજી ઉત્સવ કરી રહ્યા હતા ત્યારે નન્દરાયજી , યશોદાજી, ગોપી ગ્વાલ સાક્ષાત્ પધાર્યા અને અનિર્વચનીય નન્દમહોત્સવ થયો.

આ ઉત્સવ અને સાક્ષાત્ નન્દરાયજી-યશોદાજી-ગોપી-ગ્વાલના દર્શન નો અલૌકિક આનન્દ, શેઠ પુરૂષોત્તમદાસ અને તેમના પરિવારને પ્રાપ્ત થયો.

ઉત્સવ સમ્પન્ન થયા પછી શ્રીવલ્લભે યશોદાજી-ગોપી-ગ્વાલને કહ્યું ‘આ કાલમાં આપ સાક્ષાત્ પધાર્યા તે ઉચિત નથી (કેમકે આપના દર્શનનો અધિકાર બધાને નથી તેથી) હવે અમે આપના વેશ ધરાવીશું તેમાં પધારજો.

ત્યારે સહુએ કહ્યું ‘ભલે હવે અમે; આપ વેશ ધરાવશો તેમાં પધારીશું. ’



ત્યારથી પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાના ક્રમમાં નન્દમહોત્સવના ઉત્સવ પર નન્દરાયજી, યશોદાજી, ગોપી, ગ્વાલના વેશ ધારણ કરવાની રીત સ્થાપિત થઇ.

આ રીતે શ્રીમહાપ્રભુજીએ પ્રથમ શ્રીકૃષ્ણજન્મમહોત્સવ  શેઠ પુરૂષોત્તમદાસને ત્યાં કર્યો. ત્યાર પછી શેઠ પુરૂષોત્તમદાસ નિત્ય શ્રીમદનમોહનજીને પાલને ઝુલાવતા અને જન્મ ઉત્સવના ભાવમાં મગન રહેતા.

## શ્રીદ્વારિકાધીશજીનું પ્રાકટ્ય

એક સમયે શ્રીવલ્લભાચાર્યજી દ્વારિકા પધાર્યા હતા.

ત્યારે આપશ્રીના તેજથી પ્રભાવિત થઇને ત્યાંના બ્રાહ્મણો આપશ્રી પાસે આવ્યા અને વિનન્તી કરી કે - 'મહારાજ; અહીં વજનાભજી દ્વારા સ્થાપિત ભગવદ્‌સ્વરૂપ તો બોડાના ભક્ત પર પ્રસન્ન થઇને ડાકોરમાં બિરાજ્યા છે. હવે અહીંનું મંદિર ખાલી છે. તેથી આપ ભગવદ્‌સ્વરૂપ પધરાવો.'

શ્રીવલ્લભે કહ્યું કે ' આજ વિચાર કરીને કાલે કહીશ.'

રાત્રે આપ વિચારમાં બિરાજ્યા હતા ત્યારે શ્રીદ્વારકાધીશજી પ્રભુ પ્રકટ થયા.

શ્રીદ્વારિકાધીશજીએ પ્રકટ થઇને આજ્ઞા કરી કે, 'શ્રીરૂક્મિણીજી દ્વારા સેવ્ય અમારી મૂર્તિ અહીં (પાસે જ) રૂક્મિણીવનમાં પૃથ્વીતલમાં બિરાજે છે અને તેની પાસે તે સમયના ત્રણ રત્નો છે. એક તો દિવ્ય શંખ છે, બીજું માણેકનો કિરીટ છે અને ત્રીજી એક કટાર છે.



આ મૂર્તિ દુર્વાસા ઋષિના શાપથી શ્રીરૂક્મિણીજીને ૧૨ વર્ષ સુધી અમારો વિયોગ થયો હતો ત્યારે તેઓએ આ મૂર્તિનું પૂજન કર્યું હતું.

પછી જ્યારે અમારો સંયોગ થયો ત્યારે શ્રીરૂક્મિણીજીએ; વિયોગ સમયે જે સ્થલ પર બિરાજ્યા હતા તે સ્થલમાં, આ મૂર્તિને પૃથ્વીમાં પધરાવી દીધા હતા. એ સ્વરૂપને આપ પધરાવો.'

એમ આજ્ઞા કરીને શ્રીદ્વારકાધીશ પ્રભુ અન્તર્ધ્યાન થયા.

બીજે દિવસે શ્રીવલ્લભાચાર્યજી; એ બ્રાહ્મણોને સાથે લઇને તે સ્થાનમાં પધાર્યા અને પ્રભુની આજ્ઞા અનુસાર ત્રણેય વસ્તુઓ સહિત ભગવદ્‌સ્વરૂપને પધરાવીને દ્વારિકાના પ્રાચીન મંદિરમાં સ્વરૂપ પ્રતિષ્ઠા કરી તથા સેવાનો ક્રમ પ્રારંભ કરાવ્યો.

ત્યાર પછી કાલક્રમે એ ભગવદ્‌સ્વરૂપ શંખોદ્ધાર (બેટ-દ્વારિકા) માં પધાર્યા અને અદ્યાપિ ત્યાં શ્રીદ્વારિકાધીશ મંદિરમાં બિરાજે છે.

## ભગવન્નામનું માહાત્મ્ય

શ્રીવલ્લભાચાર્યજી તીર્થક્ષેત્રોની યાત્રા કરતા કરતા દક્ષિણ ભારતના વિષ્ણુકાંચી ક્ષેત્રમાં પધાર્યા. વિષ્ણુકાંચીમાં શ્રીવરદરાજસ્વામીનું ભવ્ય મંદિર આવેલું છે.

શ્રીવલ્લભ; મંદિરમાં પધારી રહ્યા હતા ત્યારે મંદિરમાં જવાના પગથિયા પર આપશ્રીએ જોયું કે મહાન્ ભગવદ્‌ભક્ત કવિ શ્રીજયદેવજીએ રચેલ 'ગીતગોવિન્દ' ની અષ્ટપદીઓ કોતરેલી હતી.

ત્યારે સાથે રહેલા દામોદરદાસ હરસાનીજીને આપશ્રીએ કહ્યું કે 'ભગવન્નામ પણ ભગવદ્‌સ્વરૂપ ની જેમ જ માહાત્મ્યશાલી છે. તેથી તેને પગ લગાડીએ તો તે મોટો દોષ છે.'

આમ કહી શ્રીવલ્લભે શ્રીવરદરાજસ્વામીને ત્યાંથી જ પ્રણામ કર્યા. શ્રીવરદરાજસ્વામીએ જાણ્યું કે - 'શ્રીવલ્લભ મંદિરમાં પોતાની પાસે નહિ પધારે'

ત્યારે તેઓ સ્વયં સામેથી શ્રીવલ્લભની પાસે પધાર્યા અને શ્રીવલ્લભનો શ્રીહસ્ત પકડીને આ અષ્ટપદી જે ચોવીસ પગથિયામાં છે ત્યાં ચરણ ન પડે તે રીતે શ્રીમહાપ્રભુજીને પધરાવીને પોતાના મંદિરમાં લઇ ગયા.




આ રીતે ભગવન્નામ તથા ભગવદ્ સ્વરૂપ બન્ને એકરૂપ છે તેમનું સમ્માન કરવું તેવો બોધ આ પ્રસંગ દ્વારા શ્રીવલ્લભે આપ્યો.

## શ્રીવલ્લભાચાર્યજી વૈષ્ણવો માટે સદા બિરાજે છે

શ્રીમહાપ્રભુજીને પ્રભુએ આજ્ઞા કરી કે ''હવે આપ ભૂતલ પરથી પાછા નિત્ય લીલામાં પધારો.'' ત્યારે માર્ગપ્રચારનું કાર્ય શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઇજીને સોંપી શ્રીમહાપ્રભુજીએ કાશીમાં ગંગાજીના તટ પર સંન્યાસ ગ્રહણ કર્યો.

તે સમયે શ્રીગોપીનાથજી તથા શ્રીવિઠ્ઠલનાથજી આપશ્રીની પાસે આવ્યા અને પૂછ્યું 'હવે અમારૂં શું કર્તવ્ય છે ?' ત્યારે શ્રીવલ્લભે મૌનવ્રત ધારણ કરેલું હોવાથી જમીન પર સાડા ત્રણ શ્લોક લખીને ઉપદેશ આપ્યો તે ઉપદેશ 'શિક્ષાશ્લોકી' નામે પ્રસિદ્ધ છે.

ત્યાર પછી શ્રીવલ્લભાચાર્યજીએ ગંગાજીમાં પ્રવેશ કર્યો અને ત્યાં ઉપસ્થિત લોકોએ આકાશમાં જતા તેજપુંજને જોયો. જ્યારે કાશીમાં આપશ્રીએ સંન્યાસ ગ્રહણ કર્યો ત્યારે એક વૈષ્ણવ અત્યન્ત દુઃખી થયા ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું 'તુ દુઃખી ન થજે અચ્યુતદાસ પાસે જજે.'



અચ્યુતદાસ શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર વૈષ્ણવ હતા. તેઓ શ્રીમહાપ્રભુજીના પાદુકાજીની નિત્ય સેવા કરતા. ત્યાર પછી તે વૈષ્ણવ અચ્યુતદાસ પાસે ગયા અને સર્વ સમાચાર કહ્યા.

ત્યારે અચ્યુતદાસે કહ્યું 'શ્રીમહાપ્રભુજી ભૂતલ નો ત્યાગ કરે જ નહિ તને ભ્રમ થયો હશે, જો હમણા જ ઉત્થાપનના સમય થશે તારા સર્વ સન્દેહ દૂર થશે.'

ત્યાર પછી ઉત્થાપન કરાવીને મંદિરના દરવાજા ખોલ્યા અને તે વૈષ્ણવને બોલાવ્યા તેમણે આવીને જોયું અને આશ્ચર્ય પામ્યા. શ્રીમહાપ્રભુજી તો ત્યાં બિરાજીને શ્રીભાગવતજીનું વાંચન કરી રહ્યા છે. ત્યારે તે વૈષ્ણવે દંડવત્ પ્રણામ કર્યા, શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી 'તું સન્દેહ ન કર, કાશીમાં જે તુ જોઇ આવ્યો તે તો લૌકિક લીલા હતી. ભક્તના ઘરમાં તો હું સદા જ બિરાજું છું.'

તેથી પોતાના અનુયાયીજનો માટે તો આપશ્રી શ્રીબેઠકજી, સ્વગ્રન્થો, સેવ્ય આદિ સ્વરૂપે સદા બિરાજે જ છે. આવા આપણા પ્રેરક - પથપ્રદર્શક ગુરૂવર્ય શ્રીવલ્લભાધીશજીને અનેકશઃ વન્દન.

આપના દ્વારા પ્રવર્તિત માર્ગને અનુસરીને આપણા જીવનને સાર્થક કરીએ....

**શ્રીવલ્લભાધીશ કી જય ....**




પુષ્ટિભક્તિમાર્ગ-પ્રવર્તક સાકારબ્રહ્મવાદ-સ્થાપક આચાર્યવર્ય
**શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજી**

श्रीपुष्टिसंस्कार संस्थान, मोटी हवेली-जूनागढ

संचालित

# श्रीपुष्टिसंस्कार पाठशाला

आशिर्वाद
**गोस्वामी श्रीकिशोरचन्द्रजी महाराजश्री**

अध्यक्ष
**गोस्वामी श्रीपीयूषकुमारजी महोदय**

आज प्रत्येक व्यक्ति अपने बच्चोंको शिक्षित करने के प्रति अत्यन्त जागृत है. इसी के साथ वह संस्कारो के मूल्य को भी स्वीकार रहा है. विश्व विकास का बीज मानव चेतनामें निहित है. यदि मानवमन सुंदर सात्त्विक होगा तब हि समाजमें शान्ति एवं उन्नति संभव होगी. स्वस्थ मानवमनका निर्माण बाल्यावस्थासे हो यह आवश्यक है.

पुष्टिसंस्कार पाठशाला के द्वारा बाल संस्कार का यह आवश्यक कार्य सम्पन्न हो रहा है.

आज १०० से भी अधिक गांवोंमें पुष्टिसंस्कार पाठशाला के केन्द्र कार्यरत हैं. पाठशालामें बालकोंके द्वारा शुद्ध उच्चार सहित संस्कृत श्लोकोंका पठन किया जाता है. पाठशाला संचालक उन्हे धर्म इतिहास की जानकारी, सात्त्विक जीवन एवं दिनचर्या का बोध कराते हैं. बच्चोंको गोसेवा की प्रेरणा दी जाती है. श्रीवल्लभाचार्यजी के द्वारा उपदिष्ट सिद्धान्तोंको जीवनमें उतारने की प्रेरणा दी जाती है. राष्ट्रप्रेम, पर्यावरण शुद्धि, व्यसनमुक्ति, सत्यवचन, सत्संग आदि का महत्त्व समजाया जाता है. धार्मिक परीक्षा आयोजन, विविध स्पर्धा आयोजन एवं सांस्कृतिक कार्यक्रमों के द्वारा बालकोंको प्रोत्साहित किया जाता है.



प्रत्येक बालक का सर्वांगपूर्ण विकास - पुष्टिसंस्कार पाठशाला का लक्ष्य है.

## || શ્રીવલ્લભચરિત્ર ||

પુષ્ટિ પબ્લિકેશન – જૂનાગઢ
ફોન : ૦૨૮૫ – ૨૬૨૧૧૧૧, મો. ૯૬૩૮૦ ૨૯૪૫૬ | www.pushtipublication.com